MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

# કવિતાનો આસ્વાદ

ડો.શ્રી ભીખાભાઇ ગો. સોલંકી
શ્રી સૌરભ આટર્સ કોલેજ –વિસણવેલ ગડુ

❖ **પ્રસ્તાવના**

કવિતાનો આસ્વાદ કેવી રીતે કરવો-કરાવવો એ શીખતાં પહેલાં કવિતા એટલે શું એ સમજવું આવશ્યક છે. કવિતાની વ્યાખ્યા આપવાના અસંખ્ય પ્રયત્ન થયા છે. પ્રત્યેક વ્યાખ્યામાં કોઈ ને કોઈ દિશાથી કવિતાની નજીક પહોંચવાનો પુરુષાર્થ કરવામાં આવ્યો છે. કોઈપણ વ્યાખ્યા સર્વસ્વીકૃત બની શકી નથી એ બાબત કવિતા એ કેવું છટકાણું સાહિત્ય-સ્વરૂપ છે એનો સંકેત કરી રહે છે.

❖ **કાવ્ય એટલે શું ?**

ભારતીય કાવ્યાચાર્યોમાં મમ્મટની કાવ્યની વ્યાખ્યા જાણીતી છે : **तददोषौ शब्दार्थो सगुणावनलङ्कृती पुनः क्यापि** । એટલે મમ્મટના મત પ્રમાણે કાવ્ય શબ્દાર્થનુમ બનેલું હોય, અદોષ હોય, ગુણયુક્ત હોય અને સામાન્યતઃ સાલંકાર જ હોય. તેની વ્યાખ્યા કાવ્યરચનાના પ્રારંભકને દિશાસૂચન કરે છે, પણ તેને શાસ્ત્રીય ન ગણી શકાય. રમણીયતાની જેમ કવિતા પણ કવિએ કવિએ, કૃતિએ કૃતિએ નવાં રૂપ ધારણ કરે છે, કવિતામાં શબ્દ, અર્થ, લય, છંદ, ભાવ, રસ, વિચાર વગેરે તત્ત્વોને પૂરતો અવકાશ છે.

કવિતાનું સ્થૂળ ઉપાદાન અર્થમય શબ્દ છે. પણ તેનું સૂક્ષ્મ ઉપાદાન આ સ્થૂળ ઉપાદાન દ્વારા વ્યક્ત થતું હોવાથી તેનું મહત્ત્વ ઘણું છે. '**रमणीयार्थप्रतिपादकः शब्द**' ને કવિતા કહેનાર જગન્નાથ શબ્દની જ આ મહત્તા વ્યક્ત કરે છે. પાશ્ચાત્ય કવિ-વિવેચક કોલરિજની વ્યાખ્યા - 'Poetry is best words in the best order' – માં પણ વાત તો કવિતાના બાહ્ય ઉપાદાનની જ છે.

કવિતાના આંતર-ઉપાદાન તરીકે સમગ્ર વિશ્વ, મનુષ્ય, મનુષ્યની વિવિધ ઊર્મિઓ, વિચારો, તરંગો વગેરે ગણાવી શકાય. વર્ડ્ઝવર્થે કવિતાને 'the breath and finer spirit of all knowledge' તરીકે ઓળખાવી સમસ્ત જ્ઞાનને કાવ્યવિષય માન્યું છે. તો બીજી બાજુ મેથ્યુ આર્નોલ્ડે કવિતાને જીવનની સમીક્ષા કહે છે. કેટલાક વિદ્વાનો કવિતામાં ઊર્મિનું પ્રાધાન્ય માને છે તો કેટલાક વિચારનું. કવિતામાં ઊર્મિ અને વિચાર બંનેનું ઉચિતસ્થાન છે જ, એબરક્રોમ્બીએ કહ્યું છે તેમના જીવનનો કોઈપણું અનુભવ કવિતાનો  વિષય બની શકે.

કવિતાના સર્જનમાં બુદ્ધિવ્યાપાર પણ પ્રવર્તે છે. આનંદશંકર ધ્રુવ તેને કલ્પનાવ્યાપારની કોટિનો ગણે છે. તેઓ કવિતાને આત્માની કલા કહે છે અને તે આત્માની બધી જરૂરિયાતોને સંતોષે એવી હોય છે એમ જણાવે છે.

કાવ્યરસિક તો કવિતામાંથી રમણીયતા–સૌન્દર્ય શોધતા હોય છે, 'वाक्यं रसात्मकं काव्यम्' એવી વ્યાખ્યામાં કે આપણે ઉપર ઉલ્લેખેલ જગન્નાથની વ્યાખ્યામાં પણ કાવ્યના આ ગુણ ઉપર જ ભાર મુકવામાં આવ્યો છે. કોલરિજ કવિતાના પરિણામ તરીકે સૌંદર્યમયતા અને આનંદપ્રદતાને ગણાવે છે. કવિતા વિશે 'Nothing is poetry unless it transports' એમ જે કહેવાયું છે તેમાં પણ આ તત્ત્વોનો નિર્દેશ જોઈ શકાય.

કવિતાનાં અનેક પ્રયોજનો ગણાવાયાં છે પણ તેમાં આનંદ આપવાનું પ્રયોજન મુખ્ય છે એ વિશે મતભેદ નથી. કાવ્ય વાંચતી વખતે તેને આસ્વાદ કરવાનો આપણો હેતુ હોય છે. કાવ્યનો પૂરો આસ્વાદ મેળવવા તેને બરાબર સમજવું પડે. કેટલીક વાર કાવ્ય પૂરું ન સમજાય તોપણ આપણને તે ગમે છે. એક વિવેચકે કહ્યું છે તેમ You can often enjoy a poem without fully understanding its meaning. આ સાચું હોવા છતાં કાવ્યનો પૂર્ણ આસ્વાદ મેળવવા કાવ્યને સમજવું જરૂરી છે.

કાવ્યને બરાબર સમજાવા માટે તેને ત્રણચાર વાર ધ્યાનથી વાંચવું જોઈએ. કાવ્યનું પ્રત્યેક પઠન એવી રીતે થવું જોઈએ કે તેમાંથી કાંઈ ને કાંઈ નવું પામી શકાય. અને જેનું પઠન કરતા હોઈએ એ કાવ્ય જો ઉત્તમ હોય તો સ્વાભાવિક રીતે જ તેની સાથે તન્મય થઈ શકાય. ઉમાશંકર જોશી કહે છે તેમ, "કવિતા વાંચવામાં સૌથી મુખ્ય વિવેક આ કરવાનો છે : કૃતિ કવિતા બનવા પામી છે કે નહીં ! પદ્ય જોઈને ભોળવાઈ જવાનું નથી. રચનાની નેમ માહિતી આપવાની છે કે સુંદરતાના અનુભવ દ્વારા આનંદ આપવાની, રસનિમગ્ન કરવાની છે ?– એ જોવાનું છે. અનેક નમૂનાઓનો પરિચય કરતાં કરતાં આ વિવેકશક્તિ, ખીલે છે. ધીમે ધીમે એ વસ્તુ સમજાય છે કે રસાસ્વાદ કરાવવા તાકતી શબ્દરચના જુદી જ-ચમત્કારી હોય છે. કવિતા સુધી પહોંચનાર શબ્દરચનાના વિશેષ પકડવાની તાલીમ ધીમે ધીમે, અનેક કૃતિઓનો પરિચયને પરિણામે, સાંપડે છે."

કાવ્ય પઠન કેવી રીતે કરવું જોઈએ એ વિશે નિરંજન ભગત "કવિતા કાનથી વાંચો" પુસ્તિકામાં ત્રણ રીતો દર્શાવી છે. તેમના માટે પહેલાં તેનું ગેય પઠન, પછી વારંવાર અર્ધગેય, અને અંતે અગેયપઠન કરવું જોઈએ. કાવ્યપઠન કેવું હોવું જોઈએ અને એ દ્વારા શું પ્રાપ્ત થવું જોઈએ એ દર્શાવતાં તેમણે લખ્યું છે : "કાવ્યસમગ્રનો અર્થ (જે કાવ્યના સૌ શબ્દોના અર્થોના સરવાળાથી કંઈક વિશેષ અને કંઈક અન્ય હોય છે તે અર્થ), કાવ્યખંડનો અર્થ, શબ્દસમૂહોનો અર્થ, શબ્દેશબ્દોનો અર્થ, હૃદય-બુદ્ધિ-આત્મા માટેનો અર્થ -આ સૌ અર્થોને અનુસરીને એમને અનુરૂપ, અનુકૂળ અવાજ, લય, આરોહ અવરોહ, સ્વરભાર, વિરામ, મૌન આદિ દ્વારા વિવેકપૂર્વક, ઔચિત્યપૂર્વક, સમજપૂર્વક, સૂઝપૂર્વક, ધ્યાનપૂર્વક કવિતાનું પઠન કરવાનું છે. પઠન એ સમાધિ છે, રસસમાધિ છે. કવિતાનું પઠન એ સર્જન છે, સર્જનનો અનુભવ છે. વળી વાચક, ભાવક જ્યારે કોઈપણ કાવ્યનું પઠન કરે છે ત્યારે જ, એક અર્થમાં એ કાવ્ય અસ્તિત્વમાં આવે છે, એ કાવ્યનું સર્જન થાય છે-કહો કે પુનઃસર્જન થાય છે. સુંદર કાવ્યનું સુંદર પઠન થાય ત્યારે જ એનો સાચો રસાસ્વાદ થાય છે...કવિતાનું પઠન એક કળા છે, શ્રમસાધ્ય અને કષ્ટસાધ્ય કળા છે, દુઃસાધ્ય અને દુર્લભકળા છે."

ઉમાશંકર જોશી પણ કહે છે કે કવિતાઓ કેવળ આંખ, કાન, લાગણી કે બુદ્ધિ વડે વાંચવાની નથી, લોહીથી વાંચવાની છે, સમગ્ર સંવિત્તંત્રથી સંવેદનાની છે. કાવ્યના આસ્વાદની પ્રક્રિયાને પૂરેપૂરી પામવી મુશ્કેલ છે. છતાં

એને વિશે એમ કહી શકાય કે પ્રથમ તેનાં વિવિધ અંગોનું દર્શન થાય છે, પછી તે પ્રત્યેક અંગેના સૌંદર્યનો બોધ થાય છે, અને અંતે સમગ્ર કૃતિનું ભાવક આકલન કરી રહે છે. પ્રથમ બે તબક્કાઓ માટે વસ્તુલક્ષી ધોરણો દર્શાવવાં શક્ય છે. કવિતાના સ્વરૂપનું, તેના ઘટક તત્ત્વોનું અને કાવ્યસૌંદર્યના સર્જનમાં તેમના ફાળાનું જ્ઞાન પ્રાપ્ત થતાં કવિતાની સમજ વિકસે છે અને પછી કવિતાનો રસાસ્વાદ શક્ય બને છે.

કવિતાની તપાસમાં પ્રથમ આવે છે શબ્દ. શબ્દ કવિતાનું બાહ્ય ઉપાદાનું છે. કવિતામાં પ્રયોજાયેલ શબ્દ નું ઘણું મહત્ત્વ છે. કવિતામાં પ્રયોજાયેલ શબ્દમાં ચોકસાઈ, સુચકતા, સામર્થ્ય અને સમુચિતતા હોવા જરૂરી છે. કાવ્યમાં પ્રયોજાયેલ શબ્દ કાવ્યના સંદર્ભમાં કેટલો ઉચિત છે એ તપાસવું જોઇએ. કવિ પોતાની કલાસૂઝથી શબ્દ પાસેથી કેવું અને કેટલું કામ કઢાવે છે તે પણ આપણે જોવું જોઈએ.

કવિતામાં પ્રજાયેલ શબ્દનો અર્થ એ માત્ર શબ્દકોશનો અર્થ નથી હોતો. કવિ પોતાની પ્રતિભાથી શબ્દોનો અર્થસંદર્ભ પ્રગટાવે છે, નવી અર્થચ્છાયા ઉપસાવે છે. ખૂબ જાણીતું ઉદાહરણ જોઈએ. મીરાં એક કાવ્યપંક્તિ 'મારે હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું' માં 'હંસલો' અને 'દેવળ' શબ્દના અર્થ બદલાઈ જાય છે. એક જ અર્થ આપતા અનેક પર્યાયોમાંથી સમર્થ કવિ જે શબ્દ પ્રયોજે છે તે સૌથી વધુ ઉચિત હોય છે. કવિએ પ્રયોજેલા શબ્દને સ્થાને તેનો કોઈપણ પર્યાય મૂકવાથી કાવ્યસૌંદર્ય ખંડિત થવાનું. સુંદરમ્ ના પ્રસિદ્ધ મુક્તકની પ્રથમ પંક્તિ-'તને મેં ઝંખી છે' –માં 'ઝંખી' શબ્દની જે તાકાત છે તે તેના કોઈ પણ પર્યાયમાં આવી શકે તેમ નથી. આવું જ બાલમુકુન્દની 'જૂનું ઘર ખાલી કરતાં' કાવ્ય ની અંતિમ પંક્તિ 'ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણિકા !'. ના 'ડગ' શબ્દ વિશે પણ કહી શકાય. 'ડગ'ને બદલે 'પગ' મૂકતાં અર્થમાં તો કોઈ ફેર પડતો નથી પણ સમગ્ર કાવ્ય નું સૌદર્ય ઝંખવાય છે.

શબ્દનો વાચ્યાર્થ હોય છે તેમ સૂચિતાર્થ પણ હોય છે. કવિતામાં આ સૂચિતાર્થ નું મહત્ત્વ વિશેષ છે. તેને વ્યંગ્યાર્થ કે ધ્વનિ પણ કહેવામાં આવે છે. વ્યંજનાપૂર્ણ કાવ્યને ધ્વનિકાવ્ય અર્થાત્ ઉત્તમકાવ્ય માનવામા આવે છે. કવિતાનો શબ્દાર્થ પામ્યા પછી તેના વ્યંગ્યાથર પામવો પણ ભાવકે મથવું જોઈએ. ઉમાશંકર જોશીના કાવ્ય 'બળતાં–પાણી'નો વાચ્યાર્થ તો સરળતાથી સમજી શકાય છે. નિકટમાં સળગતા પર્વતને નછૂટકે ત્યજીને નદીને સમુદ્રના વડવાગ્નિને બુઝાવવા જવું પડે છે, એ વાત પામવાથી કાવ્યને પૂરું પામી શકતું નથી. તેનો વ્યંગ્યાર્થ વિશેષ મહત્ત્વનો છે.

અહીં એક સ્પષ્ટતા કરી લેવી જોઈએ. કવિતાનો વ્યંગ્યાર્થ માત્ર એક જ નથી હોતો. વ્યંગ્યાર્થ તો અનેક હોઈ શકે. ભાવકે ભાવકે તે ભિન્ન હોઈ શકે એક વ્યંગ્યાર્થ સાચો અને બીજો ખોટે એમ પણ ન કહી શકાય. કવિ જેટલો સમર્થ, કાવ્ય જેટલું ઉત્તમ, તેટલી વ્યંજનાની ત્રિજ્યાઓને વિસ્તરવાની શક્યતા વિશેષ. સંદિગ્ધતા( ambiguity )નું પણ કવિતામાં સ્થાન છે. તે નિયંત્રિત અને હેતુપૂર્ણ હોય તો કાવ્ય અર્થનાં ઊંડાણને તાગી શકે.

- **કવિતામાં છંદનું સ્થાન**

કવિતામાં છંદ-લય મહત્ત્વના ઘટકો છે. છંદનો નિયત લત અને શબ્દોચ્ચારણનો સહજ લય—એ બેની સંયોજનાથી જે લયસ્વરૂપ સિદ્ધ થાય છે તેનો કાવ્યનિર્માણમાં મહત્ત્વનો ફાળો છે. કાવ્યમાં કાવ્યલય આવશ્યક

છે. તે છંદથી અને છંદ વિના પણ સિદ્ધ કરી શકાય. છંદોલયની સમજ કવિતાને પામવામાં ઉપકારક નીવડી શકે. છંદનું કામ કવિતામાં કેવા માળખારૂપ નથી હોતું. એક ઉદાહરણ તપાસીએ. 'આયુષ્યના અવશેષ' સોનેટમાળામાં રાજેન્દ્ર શાહે હરિણી છંદ પ્રયોજ્યો છે. પ્રથમ સેનેટ 'ઘર ભણી'ની આરંભની પંક્તિ-'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની'–માં 'ખખડ થતી' શબ્દથી ડમણીનો અવાજ અને 'ખોડંગાતી' શબ્દના ઉપચ્ચારમાં યતિભંગ દ્વારા હાલકડોલક ગતિ તાદશ થાય છે. ઉપરાંત ડમણીની તેજ-મંદ ગતિ ( સીધા તથા વાંકાચુંકા ચીલા પરની ) હરિણી ના પ્રથમ પાંચ લઘુ વર્ણો અને પછીના ચાર ગુરુ વર્ણો દ્વારા સ્પષ્ટ થાય

છે. આ કાવ્યમાં ઘરડા માણસનાં સ્મરણો આલેખાયાં છે. વૃદ્ધ માણસને ભૂતકાળની એકાએક યાદ આવે તો ઝડપી ક્રિયા પણ હરિણીના પ્રથમ પાંચ લઘુ અક્ષરો દ્વારા સૂચવ્યા છે. યાદ આવ્યા પછી વૃદ્ધ પુરુષ તેને માણવા રોકાય કે પછી બીજી યાદોમાં ખોવાઈ જાય તેથી ઝડપી ક્રિયામાં મંદતા આવે. આ મંદતા ત્યાર પછી આવતા ચાર ગુરુ અક્ષરોથી સૂચવાય છે. પછી આ દ્રુત અને વિલંબિત ક્રિયાના પરિણામ રૂપે-મિશ્રણ રૂપે-ચાલતી ક્રિયા હરિણીના ત્રીજા ઘટકમાં આવતા લઘુ-ગુરુ અક્ષરના મિશ્રણ દ્વારા પ્રગટ થાય છે. વળી, આખાં કાવ્યનો વિષય છંદના દ્રુત, વિલંબિત તથા બંનેના મિશ્રણ રૂપ લય દ્વારા આબેહુબ પ્રતિબિંબિત થાય છે.

હરિવલ્લભ ભાયાણીએ લયની આવી વ્યાખ્યા આપી છે : ''લય એટલે શ્રાવ્ય ભાતનું નિયમિત આવર્તન- અમુક શ્રાવ્ય ઘટકોની ગોઠવણીમાં નિયમિત આવર્તન.''

આ વ્યાખ્યા પરથી જોઈ શકાશે કે છંદ અને લયને સીધો સંબંધ છે. 'કેટલાંક કાવ્યોની સફળતામાં લય ઉપરાંત કવિએ સર્જેલા વિરલ પ્રાસ પણ કારણભૂત બનતા હોય છે. નિરંજન ભગતનું 'પારેવાં' કાવ્ય એનું ઉત્તમ નિદર્શન છે.

ઝૂકી ઝૂકી આભ થી સારા
ઝીંકાતી આષાઢધારા ( 'છંદોલય બૃહત્, પૃ. ૪૭ )

માત્ર આ પંક્તિ ને જ નહીં આખાય કાવ્યનો એક અને અખંડિત લય કવિ નિર્મી શક્યા છે. આ અખંડિત લય છે ઝીંકાતી આષાઢધારાનો–વરસાદનો. આ લયમાં વચ્ચે ભળે છે નેહનો-સ્નેહનો લય. અને અંતે ભળે છે પારેવાંની વેદનાનો લય. નિરંજનનું કવિકર્મ અંતની પંક્તિઓ દ્વારા આ વેદનાની વ્યાપ્તિ તાદૃશ કરવામાં રહ્યું છે. એમાં આવતો વિરલપ્રાસ, કાવ્યલય કૃતિના બાહ્યાંતરને જેવી વેદનાના અર્થને વ્યાપક પરિમાણ બક્ષે છે.

- **કવિતામાં અલંકારનું સ્થાન**

અલંકારનું કાવ્યમાં શું સ્થાન છે એ વિશે ભારતીય તેમ જ પાશ્ચાત્ય વિવેચકોએ ઘણી ચર્ચા કરી છે. મોટા ભાગના વિદ્વાનો એ વાત પર સંમત છે કે અલંકાર કાવ્યનું બાહ્ય તત્ત્વ નથી પણ આંતરતત્ત્વ છે.

પાશ્ચાત્યવિવેચક ક્રોચેએ યથાર્થ જ કહ્યું છે, ''જેને તમે અલંકાર કહો છો તે કાવ્યમાં એકતા પામ્યો છે કે નહીં ? જો પામ્યો હોય તો તે આગંતુક નથી. પામ્યો ન હોય તો તે કાવ્ય નથી.'' અલંકારનું મુખ્ય પ્રયોજન અર્થની વિશેષ

પ્રતીતિ કરવાનું છે. કાવ્યમાં પ્રયોજિત અલંકારોની સાર્થકતા તપાસવી જોઈએ. કવિનાં ઉપમાનો કેવાં છે અને એ પાછળની કવિદૃષ્ટિ શી છે એ પણ ભાવકની તપાસનો વિષય બનવો જોઈએ.

❖ **કવિતામાં કલ્પન, પ્રતિક**

પોતાના કાવ્યાત્મક અનુભવને મૂર્ત સ્વરૂપ આપવા કવિ કલ્પન-પ્રતીકનો વિનિયોગ પણ કરે છે. કલ્પન અને પ્રતીક પરસ્પર સંકળાયેલાં છે. પ્રતીક મૂળભૂત રીતે તે કલ્પન જ હોય છે. એ કલ્પન તેની વિશિષ્ટ ઉપસ્થિતિ તથા સંદર્ભને કારણે પ્રતીક બને છે. રઘુવીર ચૌધરી બંને વચ્ચેનો તફાવત આ રીતે સમજાવે છે : ''વિષયવસ્તુને-કવિની અનુભૂતિને કલ્પન સેન્દ્રિય અને ગ્રાહ્ય બનાવે છે. તેના રૂપમાં લાઘવ ગુણ લાવી વધુ દીપાવે છે. જ્યારે પ્રતીકને અર્થ સાથે, અર્થના અવગમન સાથે નિસ્બત છે. કલ્પન ઇન્દ્રિયબોધ કરાવે, પ્રતીક અર્થબોધ જગવે; કલ્પનમાં સંવેદન પ્રત્યક્ષ થતું જોવા મળે, પ્રતીકમાં અનુભવની અર્થગત સૃષ્ટિ કેન્દ્રિત થયેલી હોય.''

કાવ્યમાં પ્રયોજિત કલ્પનો-પ્રતીકો શોધવાં અને તેની અર્થચ્છાયાઓ સ્પષ્ટ કરવી કાવ્યના આસ્વાદ માટે આવશ્યક છે. એકબે દૃષ્ટાંત તપાસીએ. નિરંજન ભગતના 'ગાયત્રી' કાવ્યનું નીચેનું કલ્પન યુગસંદર્ભને કારણે આસ્વાદ્ય બને છે :

કાફેમાં સામસામા બે અરીસા નિર્જને લહે,
શૂન્યત્વ એકબીજાનું અનંતે વિસ્તરી રહે. ( 'છંદોલય બૃહત્', પૃ. ૨૩૪)

અહીં પ્રતિબિંબ કોનું પડે છે ? કોઈનુંયે નહીં એટલે કે શૂન્યનું. શૂન્યત્વનું પ્રતિબિંબ અનંતે વિસ્તરે છે. અરીસા માત્ર સાક્ષી બનીને જોઈ રહે છે. પરસ્પર વિસ્તરતું શૂન્યત્વ વાસ્તવમાં તો એમનું જ છે. પ્રિયકાન્ત મણિયારની કવિતા 'ફોકલેન્ડ રોડને જોતાં' ની પ્રથમ પંક્તિ રે સૂર્યમાં માછલીઓ તરી રહી'માં સૂર્ય કામાવેગનું પ્રતીક છે અને માછલીઓ કામાવેગ ભોગ બનેલી વારાંગનાઓનું. ઉપર આપણે રાજેન્દ્રના 'આયુષ્યના અવશેષે' કાવ્યો નિર્દેશ કર્યો છે. તેની પ્રથમ પંક્તિમાં ડમણીની વાત આવે છે. આ ડમણી કાવ્યસમગ્રના સંદર્ભમાં વિચારતાં પ્રતીક બની રહે છે. જે ડમણીમાં પોતે બેઠો છે તે ડમણીની જેમ કાવ્યનાયકનું ચિત્ત પણ આખા કાવ્ય દરમ્યાન ભૂતકાળનાં સ્મરણોથી ખખડ થતી અને કાળના વાંકાચૂંકા ચીલાઓ પર ખેડંગાતું રહે છે. વળી, ડમણી પણ કાવ્યનાયકની ઉંમર ને અનુરૂપ 'જુની' છે. આયુષ્યના અવશેષે પહોંચેલી વ્યક્તિનો જીવનપથ લગભગ વિજન કેવો હોય તથા ભવિષ્ય ઘન તમિસ્ર જેવું હોય તે પણ સાહજિક છે. આમ, ડમણીના પ્રતીક દ્વારા કવિ બેવડો અર્થ નિષ્પન કરી શક્યા છે અને કાવ્યના રહસ્યને સંગોપી રાખવામાં સફળ નીવડયા છે.

કાવ્યના ઘટકોંશો અને પૃથક્ પૃથકે તપાસી છેલ્લે ભાવકે કાવ્યના સમગ્ર સૌન્દર્યનો વિચાર કરવો જોઈએ. જુદા જુદા અંશાનો કાવ્યના સૌંદર્યવિધાનમાં શો ફાળો છે તો તેણે દર્શાવવું જોઈએ, સમગ્રકૃતિ આપણા ચિત્ત પર કેવી છાપ મૂકી જાય છે તે પણ જણાવવું જોઈએ. આપણે જે કાવ્યનો આસ્વાદ કરાવતા હોઈએ તેને મળતું બીજું કોઈ કાવ્ય યાદ આવે તો તેનો ઉલ્લેખ પણ કરી કરી શકાય. બંને વચ્ચેની તુલના પણ કરવી

જોઈએ. તુલનામૂલક અભિગમથી કવિતાના આસ્વાદને અને એક વિશિષ્ટ પરિમાણ લાધતું હોય છે. કાવ્ય નું ગુણદર્શન-રસદર્શન કરાવવાની સાથે સાથે તેમાં જો કોઈ દોષ હોય તો તેનો નિર્દેશ પણ કરવો જરૂરી છે.

કવિતાનો વિષય ક્યો છે, તેના પ્રકાર ક્યો છે, તેમાં ક્યો રસ છે એ બધું પણ આસ્વાદકે સ્પષ્ટ કરવું જોઈએ. કવિએ જે કાવ્યપ્રકારમાં પોતાનો કાવ્યાનુભવ ઢાળ્યો છે તે તેને અનુરૂપ છે કે નહિ તે તપાસવું જોઈએ. કવિતામાં ક્યો રસ છે તે દર્શાવીને અટકી ન જતાં તે રસ કવિએ કેવી કુશળતાથી નિષ્પન કર્યો છે તે દર્શાવવું જોઈએ. કવિતામાં જો એક કરતાં વધારે રસો હોય તો કયો રસ મુખ્ય છે અને ક્યા ગૌણ રસો છે તે પ્રગટ કરવું જોઈએ. રસમાં આનંદનો અંતર્ભાવ છે, કારણ કે કાવ્યરસ હંમેશા આહ્લાદજનક હોય છે. રસપ્રક્રિયાનો સાચો ખુલાસો આપનાર અભિનવગુપ્તના મતે રસ એ એક વિલક્ષણ પ્રકારની પ્રતીતિ કે અનુભૂતિ છે. આસ્વાદકે તેનું વિવરણ કરી અંતે કૃતિ વિશેની સમગ્ર છાપ દર્શાવી સમાપન કરવું જોઈએ.

કવિતાનો આસ્વાદ કેવી રીતે કરાવવો એ વિશે આ તે થોડાંક સૂચનો માત્ર છે. કાવ્યાસ્વાદની કોઈ એક જ ચોક્કસ પદ્ધતિ નથી. એક કાવ્યનું અનેક રીતે રસદર્શન કરાવી શકાય. કેટલાંક ઉત્તમ કાવ્યોના જુદા જુદા વિદ્વાનોએ આસ્વાદ કરાવેલા છે. એનો અભ્યાસ કરવાથી આનો ખ્યાલ રાવરો. કાવ્યાસ્વાદ નું પરિશીલન કરવાથી ભાવકની સજ્જતા ઉત્તરોત્તર વધતી હોય છે. અહી" થોડાક કાવ્યના આસ્વાદ નમૂના તરીકે આપ્યા છે. તેનો અભ્યાસ કરીને વિદ્યાર્થીએ બીજાં અનેક કાવ્યોના આસ્વાદો જાતે કરવા જોઈએ.

❖ **ઉપસંહાર**

આસ્વાદ એટલે કોઈપણ પદાર્થ, તેનું સ્વરૂપ ઇંદ્રિયગ્રાહ્ય હોય વા ન હોય, ને એની સ્વયંપર્યાપ્ત સમગ્રતામાં વ્યક્તિ દ્વારા પામવાની-અનુભવવાની પ્રક્રિયા- આમ એ એક મનોવ્યાપાર છે.

વ્યક્તિ પોતાની ચેતનાની અમુક વિશિષ્ટ ગુણધર્મોને કારણે, પોતાનાં અમુક સ્વભાવ- લક્ષણોને કારણે, અમુક ચોક્કસ પ્રકારના ગુણધર્મોવાળા પદાર્થો તરફ જીવનમાં એ પ્રકારનું વિસ્મય અનુભવે છે કે તે પોતે સ્વાભાવિક રીતે, લીલયા, એ પદાર્થોનો આસ્વાદ કરવા તરફ વળે છે અને એ આસ્વાદ દ્વારા પદાર્થના યથાર્થને એ પામે છે. આસ્વાદ એ એક એવી સાતત્યસભર પ્રક્રિયા છે કે જેનો અંત કે અન્-અંત એ ભવિષ્ય સાથે સંકળાયેલો ને તેથી જ માણસ માટે અટકળનો વિષય છે; કેમ કે જગતના બધા જ પદાર્થો, આસ્વાદક વ્યક્તિ પણ, સતત પરિવર્તનશીલ છે - દરેકનાં નવાંનવાં રૂપ અને નવાં નવાં યથાર્થ પ્રગટતાં જ હોય છે.

❖ સંદર્ભસૂચિ

1. આસ્વાદ અને અવબોધ - પ્રા.રતિલાલ નાયક, ડૉ.પ્રસાદબ્રહ્મભટ્ટ
2. અપઠિતનો આસ્વાદ અને સ્વાધ્યાય – રતિલાલ દવે અને અન્ય લેખકો
3. કાવ્ય વિવેચનની સમસ્યાઓ – શિરીષ પંચાલ

Certificate No.:0203202404


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
## (MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ ભીખાભાઈ ગો. સોલંકી**

In recognition of the publication of the paper entitled

**કવિતાનો આસ્વાદ**

Published in Volume 02, Issue 03, June 2024.

**EDITOR IN CHIEF**